

ગાંધીનગર નાગરિક કો-ઓપરેટિવ બેન્કના કર્મચારીઓ માટેની તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. એમડી ઘનશ્યામ પટેલ દ્વારા કર્મચારીઓને તાલીમ આપવામાં આવી હતી. (તસવીર : દિપક જાની)

# એલડીઆરપીના ત્રીજા માળેથી પટકાયેલા વિદ્યાર્થીએ દમ તોડ્યો

## ૬ દિવસ પહેલા સાંજે પગથીયા પરથી પગ લપસી ગયો હતો અને સીડીની બાજુમાં કાચ ન હોવાથી સીધો નીચે પડ્યો હતો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના સેક્ટર-૧૫ ખાતે સ્થિત એલ.ડી.આર.પી.ની બિલ્ડીંગના ત્રીજા માળેથી છ દિવસ પહેલા એક વિદ્યાર્થી જમીન પર પટકાયો હતો. ગંભીર રીતે ઘવાયેલા ૨૩ વર્ષીય વિદ્યાર્થીનું આજે સારવાર દરમ્યાન પ્રાણ પંખેરૂ ઉડી જવા પામ્યુ છે. સેક્ટર-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઘટનાની ઉંડી તપાસ શરૂ કરી છે.

એલડીઆરપી કોલેજની હોસ્ટેલમાં રહેતો ૨૩ વર્ષીય વિદ્યાર્થી હિતેન્દ્ર કાનજીભાઈ સિયાણી ગત ૧૪મી તારીખે સાંજે સાતેક વાગ્યાના અરસામાં બિલ્ડીંગના ત્રીજા માળેથી પગથીયા ઉતરી રહ્યો હતો અને પગ લપસી જતાં તે ત્રીજે માળથી નીચે પટકાયો હતો. ગંભીર રીતે ઘાયલ થયેલા હિતેન્દ્રને એપોલો હોસ્પિટલમાં સારવાર અર્થએ લઈ જવામાં આવ્યો હતો. દરમ્યાન આજે તેને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. છેલ્લા છ દિવસથી જીવન મૃત્યુ વચ્ચે ઝોલા ખાઈ રહેલા વિદ્યાર્થી હિતેન્દ્રએ આજે બપોરના અરસામાં હોસ્પિટલમાં સારવાર દરમ્યાન જ દમ તોડ્યો હતો. સે. ૭ પોલીસમથકના જમાદાર પંકજભાઈ આ ઘટના સંદર્ભે અકસ્માત મોતના ગુનાને આધારે તપાસ ચલાવી રહ્યા છે. તેમના જણાવ્યા પ્રમાણે હિતેન્દ્રનો પગથીયાથી પગ લપસી ગયો હતો અને સીડીની બાજુની બારીનો કાચ જ ન હોવાથી ત્યાંથી ફેંકાઈને સીધો નીચે પટકાયો હતો.

# રાયપુર નર્મદા કેનાલમાંથી પ્રૌઢનો તરતો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીક આવેલી રાયપુર નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં પ્રૌઢનો બિનવારસી તરતો મૃતદેહ મળી આવ્યો હતો. કેનાલ સિકયુરીટી ગાર્ડે અજાણ્યા પ્રૌઢના મૃતદેહ સંદર્ભે ડભોડા પોલીસને જાણ કરતાં પોલીસ દોડી આવી હતી અને મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી ઓળખવિધી માટે અને વાલીવારસ શોધવા દોડધામ શરુ કરી છે.

નર્મદા કેનાલ સિકયુરીટી ગાર્ડ આજે બપોરના અરસામાં રાયપુર કેનાલ પાસે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન કેનાલના પાણીમાં આશરે ૫૫ થી ૬૦ વર્ષની વયના પ્રૌઢનો તરતો મૃતદેહ દેખાયો હતો. સિકયુરીટી ગાર્ડે તરતા મૃતદેહ અંગે ડભોડા પોલીસને જાણ કરીને બોલાવી લેતા જમાદાર કિરીટસિંહ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતાં ઓળખ થાય તેવા કોઈ પુરાવા મળી આવ્યા ન હતાં. અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃત્યુનું કારણ બહાર લાવવા તથા ઓળખવિધી કરી વાલીવારસ શોધવા પોલીસ દોડતી થઈ છે. મૃતકના શરીરે પોપટી રંગનો શર્ટ અને સફેદ લેંઘો પહેર્યો છે. મૃતકના જમણા હાથે છુંદણાથી ગુજરાતીમાં 'શ્રી રામ' લખેલુ છે પોલીસે તેને આધારે ઓળખ કરવા તજવીજ શરુ કરી છે.

# નવા સચિવાલયની તંબુ ચોકીમાંથી એસઆરપી જવાન પીધેલો ઝડપાયો

## સલામતી શાખાના પીઆઈએ આકસ્મિક ચેકીંગ કર્યું હતું નવા હેલીપેડની તંબુ ચોકીમાં જવાનની ડ્યુટી હતી

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યનો વહીવટ જ્યાંથી થાય છે અને મંત્રીઓ તથા ઉચ્ચકક્ષાના અધિકારીઓ જ્યાં બેસે છે તેવા સંકુલ, નવા સચિવાલયમાં નવા બનેલા હેલીપેડની તંબુ ચોકીમાંથી પીધેલી હાલતમાં એસ.આર.પી. જવાન ઝડપાયો છે. શિસ્તનું બીજુ નામ કહેવાતી ખાખી જ જ્યારે કાયદાનો ભંગ કરે ત્યારે સામાન્ય પ્રજાને કાયદા પરથી વિશ્વાસ છુટે તે બાબત સ્વાભાવિક છે. બે દિવસ પહેલા એક કોન્સ્ટેબલે પીધેલી હાલતમાં ધમાલ મચાવ્યાનો કિસ્સો બન્યો હતો. આજે એક એસઆરપી જવાન દારૂ ઢીંચીને સલામતી માટે નવા સચિવાલયમાં બેઠેલો ઝડપાતા ચર્ચાનો વિષય બન્યો છે. સે. ૭ પોલીસો સલામતી શાખાના પી.આઈ.ની ફરીયાદને આધારે જવાન વિરૂદ્ધ ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એસ.આર.પી. ગ્રુપ-૧૩-સી રાજકોટના જવાન રાજેન્દ્રસિંહ જીલુભા સરવૈયા નવા સચિવાલયના નવા હેલીપેડ ખાતે સ્થિત તંબુ ઓફીસમાં ફરજ બજાવે છે. આજે સવારના ૧૧ વાગ્યાના અરસામાં સલામતી શાખાના પીઆઈ રાઠવાએ આકસ્મિક ચેકીંગ કર્યુ હતુ. જેમાં હેલીપેડ તંબુ ચોકીમાં તૈનાત જવાન રાજેન્દ્રસિહં નશામાં ધુત હાલતમાં મળી આવતા પી.આઈ. પણ ચોંકી ગયા હતા. પી.આઈ.ની ફરીયાદને આધારે સે. ૭ પોલીસે જવાન વિરૂદ્ધ ગુનો નોંધીને ધોરણસરની કાર્યવાહી આરંભી છે.

# જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક આજરોજ જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપના અધ્યક્ષ સ્થાને મળી હતી.. આ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપે જણાવ્યું હતું કે, ટુંકા સમયમાં કર્મયોગી તાલીમ કાર્યક્રમનું આયોજન થનાર છે. આ તાલીમ લેવામાં બાકી હોય તેવા કર્મચારીની નામાવલી બનાવી રાખવા તમામ અધિકારીશ્રીઓને સુચૂના આપી હતી. તેમજ કલોલ ખાતે ૧૫મી ઓગષ્ટની ઉજવણી કરવામાં આવશે. આ કાર્યક્રમના સુચારું આયોજન માટે એક બેઠક યોજાનાર છે. તેમજ તમામ કચેરીઓની બહાર લાંચ રૂશ્વતબ્યુરોનો સંપર્ક નંબર અને જરૂરી માહિતી આપતું બોર્ડ મુકવા પણ ખાસ ભાર પૂર્વક જણાવ્યું હતુ. આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર શ્રી ડૉ. એમ.ડી.મોડિયાએ નાગરિક અધિકારપત્ર અન્વયે મળેલી અરજીઓ અંગે નિયત સમય મર્યાદાની અંદર સત્વરે કામગીરી કરી, તેનો નિકાલ કરવા તેમજ પડતર તુમારોનો ઝડપી નિકાલ કરવા ખાસ જણાવ્યું હતું.

# વાવોલ રામજી મંદિર ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૦

વાવોલ સ્થિત રામજી મંદિર ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવની ઉજવણી આગામી તા. ૨૨મી જુલાઈના રોજ ધામધૂમથી કરાશે.

સવારે ૫.૩૦ કલાકે મંગળ આરતી થશે તે પછી ૯.૧૫ કલાકે ધ્વજાપૂજન, ૯.૩૦ કલાકે પાદુકા પૂજન, સવારે ૧૦ વાગે ગુરુપૂજન તથા દિક્ષા, ૧૧ વાગે ગુરૂ આરતી અને બપોરે ૧૧.૩૦ કલાકે મહાપ્રસાદ યોજાશે. ભાવિકોને આ કાર્યક્રમનો લાભ લેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# બે સંતાનો સાથે ગૂમ થયેલી માતા મોસાળ વિજાપુરથી મળી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૩ ખાતે રહેતી ૨૮ વર્ષીય માતા મિનાબેન પંકજભાઈ મકવાણા ગત બુધવારે તેણીના બન્ને સંતાનો શ્રેયા અને સાક્ષીને ગુરુકુળ સ્કુલમાંથી લઈ જઈને ક્યાંક ચાલી ગઈ હતી. પિતાએ આ સંદર્ભે જાણવા જોગ સે. ૭ પોલીસમથકે નોંધાવી હતી. આજે મિનાબેન તેણીની માસીને ત્યાંથી મળી આવ્યા છે. તેમના મોસાળ વિજાપુરમાંથી પોલીસને મિનાબેનના માસીનો ફોન આવ્યો હતો જેથી આજે સે. ૭ પોલીસ બન્ને સંતાનો સાથે માતાને ગાંધીનગર લઈ આવી છે. મિનાબેનના જણાવ્યા પ્રમાણે પતિએ ઝઘડો કરીને માર મારતા તે ભાગી ગઈ હતી.



સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ, ગાંધીનગર દ્વારા બાલિકાઓના વ્રત નિમિત્તે વેશભૂષા, મહેંદી અને આરતી સુશોભન સ્પર્ધાનું આયોજન બ્રહ્મભવન, સેક્ટર-૧૬ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં બાલિકાઓએ ઉત્સાહૂપર્વક ભાગ લઈને પોતાની કલાઓનું પ્રદર્શનકર્યું હતું. ભાગ લેનાર બાલિકાઓને પ્રોત્સાહિત કરવામાં આવી હતી તથા વિજેતાઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. (તસવીર : દિપક જાની)

# હયાતી પ્રમાણપત્ર જમા કરવા બાબત

ગાંધીનગર, તા. ૨૦

પેન્શનરોનું પેન્શન ચાલુ રહે તે માટે હયાતી પ્રમાણપત્રો પર સહી કરવી આવશ્યક છે. હયાતી પ્રમાણપત્ર પર સહી કરવાની મુદત પુરી થવામાં હોઈ આ કાર્યવાહી ઝડપથી પુર્ણ કરવા ગાંધીનગર જિલ્લા પેન્શનર્સ સમાજે પેન્શનરોને અનુરોધ કર્યો છે.

ચાલુ વર્ષથી મે-જૂન-જુલાઈ માસમાં દરેક પેન્શનરોને જે બેંકમાંથી પેન્શન મેળવતા હોય ત્યાં બેંકમાં રૂબરૂ જઈ હયાતીનું પ્રમાણપત્ર આપવાનું જિલ્લા તિજોરી કચેરીની વ્યવસ્થા મુજબ હોય છે. જુદી જુદી બેંકોમાં તપાસ કરતાં જાણવા મળ્યું છે કે ગાંધીનગર શહેર અને જિલ્લાના બેંક ખાતેદાર પેન્શનરોના હયાતી પ્રમાણપત્રો હજુ મોટી સંખ્યામાં સહી થયેલ નથી. હયાતી પ્રમાણપત્રો પર સહી કરવાની મુદત પુરી થવામાં છે. હયાતી પ્રમાણપત્રો ન આપવાથી નિયમિત મળતુ પેન્શન બંધ થઈ જાય છે. પેન્શન મળતું બંધ ન થાય તે માટે પોતાનું ખાતુ ધરાવતી બેંકોમાં ચાલુ દિવસોમાં તરત બેંકમાં જઈ કાર્યવાહી પુરી કરવા અપીલ કરવામાં આવે છે. ખાસ કરીને ફેમીલી પેન્શનરો પણ આ બાબતમાં વધુ ધ્યાન આપે તેવી વિનંતી કરવામાં આવી છે.

# ગુરુપૂર્ણિમા નિમિત્તે દિવ્ય જીવન સંઘ તરફથી જાહેર સત્સંગ

શ્રી ગુરુપૂર્ણિમા નિમિતે દિવ્ય જીવન સંઘની સ્થાનિક શાખાના કાર્યાલયે સવારે નવથી અગિયાર વાગ્યા સુધી જાહેર સત્સંગ રાખેલ છે. વકતા ડૉ. એન.કે. પટેલ, બી.ડી.એસ, પ્રમુખ દિવ્ય જીવન સંઘ ખેડબ્રહ્મા શાખા તેમ માનદમંત્રી ભાલચંદ્ર કાજરેકરે જણાવેલ છે.

# શ્રી હરિમંડળ વાવોલ દ્વારા આનંદનો ગરબો

વાવોલ તેમજ આજુબાજુની જનતાને જણાવવાનું કે, શ્રી હરિમંડળ વાવોલ દ્વારા શ્રી જગતજનની મા અંબા બહુચરની અસીમ કૃપાથી માતાજીના પરમ આરાધ્ય શ્રીમતી ભાવનાબેન ગોકલાણીના સુમધુર કંઠે તા. ૨૨મી જુલાઈના ગુરૂપૂર્ણિમાના રોજ બપોરે ૨.૩૦ કલાકે આનંદના ગરબાનું આયોજન કરેલ છે. હરિનગર સોસાયટી, દરગાહ પાસે, વાવોલ, મો. ૯૭૨૨૪૧૨૯૪૬નો સંપર્ક કરવો.

# આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા ગુરુપૂર્ણિમા નિમિત્તે કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

આર્ટ ઓફ લીવીંગ, ગાંધીનગર ચેપ્ટર દ્વારા આગામી તા. ૨૨મી જુલાઈના રોજ ગુરુપૂર્ણિમા નિમિત્તે સવારે ૬.૦૦ કલાકે મહાસુદર્શન ક્રિયા તથા ત્યારબાદ ગુરુપુજા યોજાશે.

મહાસુદર્શન ક્રિયામાં બેઝીક કોર્સ કરેલા શિબિરાર્થીઓને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે. રાત્રે ૮.૩૦ કલાકે મહાસત્સંગનો કાર્યક્રમ યોજાનાર છે. જેમાં નગરના સર્વે ભાઈ-બહેનો, મિત્રો તથા કુટુંબીજનોને વિશાળ સંખ્યામાં પધારવા હાર્દિક નિમંત્રણ છે. આ બંને કાર્યક્રમો શ્રી બલરામ મંદિર હોલ, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાશે. આજ દિવસે સવારે ૯.૦૦ થી ૫.૦૦ દરમ્યાન રક્તદાન શિબિરનો કાર્યક્રમ સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે યોજાશે. આ કાર્યક્રમ અંગેની વધુ જાણકારી માટે શ્રી જયેન્દ્રભાઈ શાહ (મો. ૮૩૪૭૪ ૨૩૨૦૦)નો સંપર્ક કરી શકાશે.

# શ્રી જીવ કલ્યાણ સંસ્થાની આજે માસિક બેઠક

સર્વજીવ કલ્યાણ લક્ષી ભાવનાથી સ્થપાયેલ અને જીવ કલ્યાણ હેતુસર કામ કરતી શ્રી જીવ કલ્યાણ સંસ્થા, ગાંધીનગરની માસિક સભા પ્રા. રવિન્દ્રભાઈ દવેના અધ્યક્ષ સ્થાને આવતીકાલે તા. ૨૧મી જુલાઈના રોજ સાંજે ૬-૦૦ વાગે શ્રી પંચદેવ મંદિરના યજ્ઞ સભા ખંડમાં મળશે. આ બેઠકમાં કેટલાક મહત્વના નિર્ણયો ચર્ચામાં હોઈ સૌ સભ્યોને અચૂક હાજર રહેવા અનુરોધ કરાયો છે.

# રાયસણ નજીક વૃન્દાવન બંગ્લોઝ-૨ સુધી જવાનો માર્ગ બિસ્માર : રહીશો ત્રાહીમામ

## સોસાયટીની સામે ગુડાના મકાનો બનાવતા મજુરો દ્વારા પણ ગંદકી ફેલાવાતી હોવાની રહીશોની ફરિયાદ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર અમદાવાદ જતા માર્ગ પર રાયસણ નજીક આવેલ વૃન્દાવન બંગ્લોઝથી પી.ડી.પી.યુ. જતો માર્ગ છેલ્લા ઘણા સમયથી ઉબડખાબડ છે તો ઠેર ઠેર મોટા ખાડા પડી ગયા છે અને ગુડાના મકાનો બનાવતા કામદારો દ્વારા ફેલાવાતી ગંદકીથી રહીશો ભારે પરેશાન થઈ ગયા છે અને ગુડાના અધિકારીઓ દ્વારા આ મામલે સત્વરે ઘટતી કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર શહેરથી અમદાવાદ તરફ જતા માર્ગ પર રાયસણ ગામ પાસે બ્લોક નં. ૧૦૬ ટી.પી. નં. ૧૯ ઉપર આવેલ વૃન્દાવન-૨ સોસાયટી પાસેથી પી.ડી.પી.યુ. તરફ જતા માર્ગ પર ગુડા દ્વારા ગટર લાઈન નું કામ કરવામાં આવ્યું હતું અને બાદમાં મોટી પાઈપો નાખી ઉપર માત્ર માટી નાંખી દેવામાં આવી હતી અને ત્યાર બાદ તમામ કામ બંધ કરી દેવામાં આવ્યું હતું. જયાં હાલ વરસાદ પડતા ઠેર ઠેર ૨૦-૨૦ ફુટના મોટા ખાડા પડી ગયા છે. અને સમગ્ર માર્ગ ઉબડ ખાબડ કાદવ કિચ્ચડમાં ફેરવાઈ ગયો છે અને દરરોજ વાહન લઈ અવર જવર કરતા સોસાયટીના રહીશોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ઘણી વખત તો આ સોસાયટી સુધી કોઈ એમ્બ્યુલન્સ પણ આવી શકતી નથી તો બીજી તરફ સોસાયટીના સામેના ભાગમાં ગુડાના મકાનો બાંધવાનો કોન્ટ્રાકટ ગુડાએ મેસર્સ એચ. ખુરાના કંપનીને આપ્યો છે તેમના કારીગરોએ સોસાયટીની સામે કાચા ઝુંપડા બનાવ્યા છે અને દરોરજ કારીગરો અને મજુરો જાહેરમાં શૌચક્રિયા કરી ગંદકી ફેલાવી રહ્યા છે. જેથી રહીશો ભારે ત્રાહીમામ પોકારી ઉઠયા છે અને ગુડા તંત્ર સત્વરે સોસાયટી સુધીનો પાકો ડામરનો મર્ગ બનાવે અને ગંદકી ફેલાવતા કામદારો સામે કાર્યવાહી કરે તેવી ઉગ્ર માંગ સોસાયટીના રહીશો કરી રહ્યા છે.

# જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની સમીક્ષા બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની સમીક્ષા બેઠક આજરોજ જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી. આ બેઠકમાં ૨૫૦ ગ્રામ સમિતિઓની યોજનાઓ માટે જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ દ્વારા કુલ અંદાજીત રૂપિયા ૩૮૩૪.૨૮ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. જેમાં ૩૬ યોજનાના કામો -ગતિ હેઠળ છે. ૨૧૩ યોજનાના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે.ગ્રામ સમિતિઓ દ્વારા લોકાફાળા પેટે રૂપિયા ૩૭૦.૦૨ લાખ એકત્રિત કરવામાં આવ્યા છે. જિલ્લામાં સેકટર રિફોર્મ યોજના(રાજય) અંતર્ગત માણસામાં ૫૨, કલોલમાં ૫૦, ગાંધીનગરમાં ૫૨ અને દહેગામમાં ૫૯ મળી કુલ ચાર તાલુકામાં રૂપિયા ૩૨૪૪.૪૮ લાખની કિંમતની ૨૧૩ યોજનાઓ પૂર્ણ થયેલ છે.

# સર્વજ્ઞાતિ જીવનસાથી પત્રિકા નિઃશુલ્ક નોંધણી

ગાંધીનગર, તા. ૨૦

સર્વજ્ઞાતિ મિત્રમંડળના ઉપક્રમે અપરિણીત યુવક-યુવતીઓની પસંદગી માટે જીવનસાથી પત્રિકાનું આયોજન કરાયેલ છે જેમાં અષાઢી બીજથી ૧૫મી ઓગષ્ટ સુધી નિઃશુલ્ક નોંધણી ચાલુ છે.

અભ્યાસ, ઉંમર તથા અન્ય વિગતો માટે કન્વિનર એમ.કે. ચૌહાણ (મો. ૯૪૨૭૦૫૬૮૪૫)નો સંપર્ક કરવા જણાવાયું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૪

સૂર્યાસ્ત : ૭.૧૬

## તાપમાન

મહત્તમ : ૩૩.૨ ડિ.સે.

લઘુત્તમ : ૨૬.૪ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૭૩ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

રમૈયા વસ્તાવૈયા : ૯.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦

ધ ગુડ રોડ(ગુજરાતી) : ૧૨.૩૦

: સ્ક્રીન-૨ :

ભાગ મિલ્ખા ભાગ : ૯.૩૦, ૧.૦૦, ૪.૩૦, ૮.૦૦

: સ્ક્રીન-૩ :

ડી- ડેય : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

: સ્ક્રીન-૪ :

રમૈયા વસ્તાવૈયા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

રમૈયા વસ્તાવૈયા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ડી-ડેય : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦,૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

રમૈયા વસ્તાવૈયા: ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

પોલીસગીરી : ૧૦.૦૦, ૪.૧૫

ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૪૫, ૭.૦૦, ૧૦.૩૦

### ચિરાગ, કલોલ

રમૈયા વસ્તાવૈયા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. ધાર્મિક સત્સંગ થઈ શકશે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : આજે સ્થાયી મિલકત ખરીદી થઈ શકે છે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કર્મક્ષેત્રમાં ગૂઢ શોધ થશે. આર્થિક ચિંતનનો વિશેષ યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ચિંતનનો યોગ. વિશેષ કાર્યોમાં યાત્રા પ્રવાસનું આયોજન થશે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

**તુલા** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે.

**ધન** : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધનનો વ્યય ન થઈ શકે છે. કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : મિત્ર વર્ગ, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. અભરાજજી સેંધાજી ઠાકોર (ઉ.વ. ૭૫)મુ.પો. ચાંદીસણા, તા. કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ. છનાજી મોતીજી ઠાકોર (ઉ.વ. ૬૫)મુ.પો. ઈન્દ્રોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કાળીબેન રઘુભાઈ ઠાકોર (ઉ.વ. ૮૩) ચરોડી છાપરાં, સેકટર-૨૮, ગાંધીનગર.